PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૩૫૫૨-૫ તારીખ : ૨૬-૧૦-૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

મહેતા કુમુદબેન ઇન્દુલાલ

૬-મવડી પ્લોટ, અંબિકા વે બ્રીજવાળી શેરી, ,

મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૦૦૪

મોબાઈલ : ૯૮૨૫૦૭૫૬૫૫

વિષય : વીજબીલમાં નામ બદલી બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૪-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : 03/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, લક્ષ્મીનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/03/ક્વા-3/23-24/૩૫૫૮-૫ તા. ૨૬-૧૦-૨૦૨૩

2003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-03/ક્વા-3/23-24, તા.૦૫-૧૦-૨૦૨૩

અરજદાર : શ્રી કુમદબેન ઇન્દુલાલ મહેતા, ગામ : રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે શ્રી પિયુષભાઈ ઇન્દુલાલ મહેતા

## :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ, નાયબ અધીક્ષક (રેવ.), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી કુમુદબેન ઇન્દુલાલ મહેતા, લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ તેમના પતિ ઇન્દુલાલ મોહનલાલ મહેતાના નામથી (૧) ગ્રાહક નં.૮૭૬૦૩/૦૦૧૬૫/૦ અને (૨) ગ્રાહક નં.૮૭૬૦૩/૦૦૧૬૪/૧ ના બે વીજજોડાણ ૭.૦ કિ.વો.થી NRGP ટેરીફ હેઠળ ધરાવે છે.

૨.૧ અરજદારના પતિનું અવસાન તા.૨૪.૦૮.૧૯૯૮ ના રોજ થયેલ હતું. ત્યારથી આ વીજજોડાણ તેમનો પુત્ર વપરાશ કરે છે અને નિયમિત વીજબીલ ભરે છે. અરજદારે સોલાર સિસ્ટમ નખાવવા માટે તેમના નામે નામબદલી કરવા માટે અરજી કરેલ હતી પરતું સંલગ્ન કચેરી દ્વારા તે મંજુર કરવામાં ન આવી જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ સંતોષકારક નિરાકરણ માટે અરજી કરેલ છે અરજદાર સિનયર સિટીઝન છે, તથા સદર જગ્યા પર અરજદારનો પૌત્ર સ્ટાર્ટ અપ તરીકે ફ્રુટ વિવિધ ફ્રોઝન તથા સવાસ્થ્ય વર્ધક જ્યુસ બનાવી એક્સપોર્ટ કરે છે. અરજદારે આ સાથે વેરા પહોચની નકલ જોડેલ છે જેમાં

અરજદારનું નામ કુમુદબેન ઇન્દુલાલ મહેતા છે, તેમન પતિનું મુત્યુ સર્ટિફિકેટ તથા અરજદારે વિલ યાને વસિયતનામું RKT 1 3 8667/1981 તા.૧૭.૧૧.૧૯૮૧ રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં -૩૭૪૩ તા.૧૩-૧૦-૨૦૨૩ થી નીચે મુજબ અહેવાલ રજુ કરેલ છે.

૩.૧ અરજદાર કુમુદબેન ઇન્દુલાલ મહેતા વીજજોડાણ ગ્રાહક નં ૮૭૬૦૩/૦૦૧૬૫/૦ માં નામ બદલી કરવા અરજી કરેલ છે, જેમાં નીચે મુજબના આધાર-પુરાવા રજુ કરેલ છે.

૧. એ-વન ફોર્મ  ૨. લાઈટ બીલની નકલ  ૩. આધાર કાર્ડ  ૪. જુના ગ્રાહકનો મરણનો દાખલો
૫. વીલયાને વસીયત નામું  ૬. મૂળ દસ્તાવેજ

૩.૨ ઉપરોક્ત આધાર-પુરાવા સામેલ કરીને અરજદાર દ્વારા લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી ખાતે નામબદલી અંગેનો રજીસ્ટ્રેશન ચાર્જ એસ.આર. નંબર ૧૬૫૨૮૩૫૫ થી ભરપાઈ કરેલ, ત્યારબાદ ઉપરોક્ત વિગત વાળી કેસ ફાઈલ મંજુરી અર્થે વિભાગીય કચેરી હેઠળ મોકલેલ, જે અનુસંધાને લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરીને જણાવેલ કે સદર નામબદલીના કેસમાં પ્રોબેટ જોડવું અને ત્યારબાદ નામબદલી અંગેની કાર્યવાહી થઈ શકશે.

૩.૩ પીજીવીસીએલની પ્રહલાદ પ્લોટ પેટાવિભાગીય કચેરી દ્વારા નામબદલી અન્વયે એડવોકેટનું માર્ગદર્શન માંગવામાં આવેલ, જે અન્વયે એડવોકેટ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે, વીલના આધારે માલિકી નક્કી કરવાનું કામ નામદાર અદાલતનું છે. નામદાર અદાલત દ્વારા જે હુકમ કરવામાં આવે તે પીજીવીસીએલને માન્ય રાખવાનો હોય છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી કુમુદબેન ઇન્દુલાલ મહેતા, લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ તેમના પતિ ઇન્દુલાલ મોહનલાલ મહેતાના નામથી ગ્રાહક નં.૮૭૬૦૩/૦૦૧૬૫/૦ તથા ગ્રાહક નં.૮૭૬૦૩/૦૦૧૬૪/૧ બે કનેક્શન ૭.૦ કિ.વો. ના NRGP વીજજોડાણો ધરાવે છે. અરજદારના પતિનું અવસાન તા.૨૪.૦૮.૧૯૯૮ ના રોજ થયેલ ત્યારથી સદર વીજજોડાણ તેમનો પુત્ર વપરાશ કરે છે. અરજદારે સોલાર સિસ્ટમ નખાવવા માટે તેમના પતિના નામ પરથી તેઓના નામ પર નામબદલી કરવા માટે અરજી કરેલ હતી. પરંતુ વિભાગીય કચેરી દ્વારા તે મંજુર કરવામાં ન આવેલ છે. અરજદારે સદર અરજી સાથે વેરા પહોચની નકલ જોડેલ છે જેમાં અરજદારનું નામ કુમુદબેન ઇન્દુલાલ મહેતા છે, તેમન પતિનું મુત્યુ સર્ટિફિકેટ તથા અરજદારે વિલ યાને વસિયતનામાં RKT 1 8667/1981 તા.૧૭.૧૧.૧૯૮૧ ની નકલો ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના ક્લોઝ નં.૪.૭૧ (૧) મુજબ નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર (પીજીવીસીએલ) મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલાં ભરશે:

"અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવત કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે...."

૪.૩ ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ વીજબીલો, વેરા પહોચ અને અરજદારના પતિશ્રીનું મરણ પ્રમાણપત્ર તેમજ વિલ યાને વસિયતનામું રજુ કરેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

- અરજદારના પતિશ્રીનું મરણના સર્ટીફીકેટની વિગત
    - નામ : ઇન્દુલાલ મોહનલાલ મહેતા , અવસાનની તારીખ :૨૫-૦૫-૧૯૯૮
    - નોંધણી ક્રમાંક : ૧૯૯૮/૦૦૦૨૬૪૧/૦૦૦૦, રાજકોટ મહાનગરપાલિકા
- રાજકોટ મહાનગરપાલિકા વેરા પહોચ તા.૦૫-૦૫-૨૦૨૩ ની વિગત :
    - કુમદબેન ઇન્દુલાલ મહેતા
    - ઘર નં : ૦૭૨૪/૦૧૩૪/૦૦૦, વોર્ડ નં-૧૩
    - યુનિક નં-૦૭/૦૭૧૬૧/૦૦૦/૦૦૦
    - સરનામું : શેરી નં -૦૬, મવડી પ્લોટ રાજકોટ, ૯૮૨૫૦૭૫૬૫૫
- વીજબીલ ગ્રાહક નં-૮૭૬૦૩-૦૦૧૬૫-૦ બીલ તા.૨૧-૦૯-૨૦૨૩ ની વિગત
    - નામ : ઇન્દુલાલ માહનલાલ મહેતા,
    - સરનામું : મવડી પ્લોટ, શોપ નં-૨, ટેક-સ્પેર ઇન્ડિયા, રાજકોટ
    - ટેરીફ : **NRGP**
- સબ રજીસ્ટાર રાજકોટ વિલના દસ્તાવેજ નંબર- **RKT/1 8667/1981** તા.૧૭.૧૧.૧૯૮૧ ની વિગત મુજબ તેઓને ૦૨ દીકરા અને ૦૨ દીકરીનો ઉલ્લેખ છે તેમજ મિલકતમાં ૦૩ શેડ અને ૦૩ દુકાનો નોંધાયેલ છે. પરંતુ પીજીવીસીએલની લેખિત રજૂઆત તા.૧૩.૧૦.૨૦૨૩ મુજબ સદર વિલના આધારે માલિકી નક્કી કરવાનું કામ નામદાર અદાલતનું છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે, અરજદાર દ્વારા સદર કેસમાં જે જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવેલ છે, તેમાં અરજદારના વીજબીલના એડ્રેસ અને રાજકોટ મહાનગર પાલિકાના એડ્રેસમાં સમાનતા થતી નથી, જેથી સદર બાબતે બન્ને જગ્યા એકજ છે તે અંગેનું આધારભૂત પ્રમાણપત્ર રજુ થવું જરૂરી છે.

૪.૫ વીજજોડાણમાં નામફેર માટે પીજીવીસીએલમાં પ્રવર્તમાનમાં રહેલ જીયુવીએનએલના પરિપત્ર નંબર: જીયુવીએનએલ-ટેક-૨-નામફેર-૨૯૮૬ તા.૧૩.૦૨.૨૦૧૭ (અ) રહેણાક અને વાણીજ્ય હેતુના સિંગલ ફેઇઝ વીજજોડાણ અંગે

૧. વારસાઈ હક્કના કેસમાં નામ ફેરફાર કરવા માટેના દસ્તાવેજો

૧. છેલ્લા ભરેલા વીજબીલની નકલ સાથે એ-૧ ફોર્મ.

૨. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક

૩. ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકાનો વીજ જોડાણવાળી જગ્યા અરજદારના નામે છે તે બાબતનો દાખલો

અથવા

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકા દ્વારા થયેલ આકરણી પત્રક અથવા વારસાઈ હક્કનો દાખલો અને જો એક કરતા વધુ વારસદાર હોય તો અન્ય વારસદારની સમંતિ.

અથવા

મરણના પ્રમાણપત્ર સાથે, પેઢીનામું તથા વીજજોડાણનું નામ ફેરફાર કરવા અંગે અન્ય હક્કદારોની પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પપેપર પર સમંતિ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અથવા

વીજજોડાણ વાળી જગ્યાનો અરજદારનો એકમાત્ર અધિકારી છે અથવા અન્ય કોઈ હક્કદારને અરજદારના નામે વીજજોડાણનું નામ ફેરફાર કરવા બાબતે કોઈ વાંધો કે વિવાદ નથી અને ભવિષ્યમાં વાંધો કે વિવાદ થશે તો તેનો નિકાલ કરવાની જવાબદારી અરજદારની રહેશે, તે બાબતનું પ્રવર્તમાન મુજબ સ્ટેમ્પપેપર પર સોગંદનામુ, જુના ગ્રાહકના મૃત્યુના કેસમાં મરણનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઈન્ડેમ્નીટી બોન્ડ, (જરૂરી રકમનો એક જ સ્ટેમ્પપેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતી મેળવવાની રહેશે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ થી ૪.૫ મુજબની વિગતેનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની રજૂઆત મુજબ હાલનો કબ્જો વારસાઈ મુજબ મળેલ છે, તે પ્રમાણે વીજકંપનીમાં પ્રવર્તમાનમાં રહેલ નામ બદલીના પરિપત્ર જીયુવીએનએલના પરિપત્ર નંબર: જીયુવીએનએલ-ટેક-૨-નામફેર-૨૯૮૬ તા.૧૩.૦૨.૨૦૧૭ ના અ(૧) મુજબ લાગુ પડતા જરૂરી આધાર-પુરાવા રજુ થયે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નામ બદલી અંગેની નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

૪.૬ અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫